છુપી પોલીસ

મણકો ૧

બદમાશ બાબરીયો

આવૃત્તી પહેલી.



કીંમત ૪ આના.

દોહરો.

વીનતી વાંચક વૃંદને. પુસ્તક હોય પસંદ;
આપો. વાંચી અવરને, લે. વાંચી આનંદ.

બદમાશ બાબરાંચો.

સોરઠો

ફરીયાદી ફરીયાદ, કરજે કરી ફરી યાદ તું,
જાતાં લેવા દાદ, ફરશે ન ફોકટ ફંદમાં.

ભૂજપુર શહેરમાં દીવસે દીવસે ચોર બદમાસોની ધૂમ વધવાથી શહેરમાં પોલીસ બંદોબસ્ત બહુ ચોકસાઈથી રાખવામાં આવતો હતો, અને વણીક મોહલ્લામાં તમામ શ્રીમંત લોકનો વસ્તી હોવાથી તે વણીક મહોલ્લાના નાકે હુશીયાર ગણાતા પોલીસ સીપાઈ જંગુરમીયાંની ખાસ ગોઠવણ કરવામાં આવી હતી.

જંગુરમીયાં પોતે દેખાવડો મીયાંભાઈ છતાં પોતાને હુશીયાર સીપાઈ ગણવામાં આવી વણીક મોહલ્લા નાકે બંદોબસ્ત માટે ગોઠવવામાં આવેલ હોવાથી તે હમેશાં રાત્રે ટારન શરૂ થવાના વખત પહેલાં ભરેલી બંદુક તથા તરવાર સાથે તૈયાર થઈ પોતાના ટારન ઉપર આવી હાજર થઈ જતા હતા અને આજે પણ ટારનના વખત પહેલાં આવવાથી ત્યા ચોકમાં મોહલ્લાના એકઠા થઈ બેઠેલા માણસ પાસે જઈ જંગરમીયાં વાતે ચઢી કહેવા લાગ્યા કે:—

બદમાશ બાબરીયો શહેરમાં બીજે બંને ઠેકાણે ચોરી કરી માલ ઉઠાવી જાય અને પકડાતો નથી પણ જો તે મારા ટારનમાં મને મળે તો તેને ગોળીથી જ મારવાનો! ન મારૂ તો હું મુસલમાન બચ્ચોજ નહી? વીગેરે કેટલીક વાતો મગરૂરીથી કરતાં રોન આવવાનો વખત થયો એટલે મોહોલ્લાના એકઠા

થઇ બેઠેલા માણસો ઉઠી સૌ સૌને ઘેર જવા ચાલ્યા ગયા અને લંગુરમીયાં હુશીયારીથી પોતાના ટ્રાસ્ન ઉપર ટેહેલવા લાગ્યો તેવામાં ;

વણીક મોહોલ્લામાંથી કોઇ માણસ આવતો જોવામાં આવવાથી લંગુરમીયાંએ "હોલ્ટ" હુકમસે ડરરર! એમ કહી પોકારતાં જવાબ ન મળવાથી.

સવાલ.—ખડેરો! કોન આતા હે!

જવાબ—રૈયત!

સવાલ.—કોન રૈયત!

જવાબ.—બનીયા.

સવાલ.—સાલે! અબ તક જવાબ કયુ નહીં દેતે! કોન બનીયા!

જવાબ.—એ તો હુ કોફળશા! જમાદાર સાહેબ!

સવાલ—ઇસ વકત કહાં ફીરતે! ઇધર આ!

જવાબ.—(પાસે આવીને) જમાદાર સાહેબ! સલામ બાપુ!

સવાલ.—ઇસી વકત કીધર જાતે!

જવાબ.—સાહેબ! મારી બેરીને બાલક અવતરવાનુ હોવાથી સુયાણીને બોલાવવા જાઉં છું જમાદાર!

સવાલ.—સાથમે ફાનુસ કયુ નહીં લાયે!

જવાબ.—એ ભુલ થઇ જમાદાર, માફ કરો! ઉતાવળમા ફાનસ લેવુ ચુકી ગયો છું

સવાલ—ઇસ મોહલ્લેમે તુમ કહાં રહેતે!

જવાબ.—સામેજ, પેલું મોટુ મકાન દેખાય છે તેમાજ તો! તમે તો તે તરફ ઘણી વખત ફરવા પણ આવો છો જમાદાર, પણ તમે અમલદાર સાહેબ, અમને કયાંથી ઓળખો?

એ પ્રમાણે વાતચીત થતાં, જવાબ આપનાર વાણીઓ સમજી તેણે સુયાણી બોલાવવા જવા માટે બતાવેલ કારણ પણ ખરૂ માની, લંગુરમીયાં બોલ્યો કે,—

અચ્છા અબદેખ બહારપુરકા બીલ્લ સાલે બાબરીયા, શહેરમે આકર ગુન્હા કરકે ભગ જાને હે ઇસલીયે, સારા શહેરમે પોલીસકા બ્હોત બંદોબસ્ત હો ચુકા હે, સબબ તુમ ખ્બરસે ચુપચાપ જલદીમે ચલેજા! કબી રોન મીલેગી તો તુજકો કેદ કર બેઠા રખેગે.

ફાકુળશા—એમ છે જમાદાર સાહેબ! ત્યારે તો આપની મારા ઉપર મોટી મહેરબાની! સો ત્યારે સલામ! એમ કહી વાણીઆ મોહલ્લામાંથી આવેલ બાણસ તેના રસ્તે પડયો અને લંગુરમીયાં તેના ટારન ઉપર ટેહેલવા લાગ્યો.

બીજી બવાગે વાણીઆ મોહલ્લામા રહેનાર સોની મોહનલાલ પોલીસમા આવી, પોતાના બંગલા ઉપરની ત્રિજોરીમાંથી હીરા મોતીના દાગીના કીમત રૂપીયા ૧૫૦૦૦ ના કોઈ હરામખોર કાઢી લઈ ચોરી જવાનુ જાહેર કરતા.

પોલીસ અમલદારે મોહનલાલ સોનીએ જાહેર કરેલ હકીકત ફરીયાદ નોંધ પુસ્તકમાં લખી લીધી અને પોતાના પોલીસ માણસો સાથે મોહનલાલ સોનીને ત્યાં તપાસ કરવા આવી સ્થાનીક જગો જોતાં

જે ત્રીજોરીમાંથી દાગીના જવાનું કહેવામાં આવેલ તે ત્રીજોરીને કશા પણ ભાંગફોડ કે બળજોરી કરવાના નિશાન જણાયા નહી એટલુંજ નહી પણ મોહનલાલ સોનીનુ મકાન ગીચ્ચ વસ્તીમાં રાહ રસ્તા ઉપર આવેલ છતા ઘરમા પ્રવેશ કરવા હરામખોરે બારી બારણાની તોડફોડ પણ કરેલ જોવામા આવી નહી તેમજ હરામખોરના પગલા પણ નહી જણાવાથી પ્રથમ દર્શનીક હરામખોર કેવી રીતે ગૃહપ્રવેશ કરી ત્રિજોરી ઉઘાડી દાગીના

કાઢી લઇ ગયો હશે એ માટે ચોક્કસ અનુમાન બાંધવાના ગુંચવાડામાં પોલીસ અમલદાર પડયો અને કેટલોક વખત વિચાર કર્યા, પછી.

મોહનલાલ સોનીને ત્રિજોરી ખોલી બતાવવા કહેતાં મોહનલાલે સંચમાંથી ત્રણ કુંચીઓનો જુમખો કહાડી પ્રથમ કુંચી નંબર ૨ ની લાગુ કરી પ્રથમ ખાનુ ઉઘાડયું તે પછી નંબર ૧ ની કુંચી લાગુ કરી બીજુ ખાનુ ઉઘાડયું અને છેવટ નંબર ૩ ની કુંચી લાગુ કરતાં ત્રીજુ ખાનુ ઉઘાડયું તેમાં દાગીના હતા જે હરામખોર કાઢી લઇ જવાનું મોહનલાલે જણાવ્યું તે ઉપરથી.

આ ત્રિજોરી અજાણ્યા માણસથી બીલકુલ ઉઘડી શકે તેવી નથી પણ ઘરમાંનો કોઇ જાણીતો માણસ ઉઘાડી શકે એવુ પોલીસ અમલદારને જણાતા ગુન્હો થયા માટે શક આવવાથી મોહનલાલને પુછ્યુ કે—

સવાલ—જ્યારે દાગીના ચોરાયાનુ તમને જણાયુ ત્યારે ત્રિજોરી બંધ હતી કે ખુલ્લી હતી વારૂ?

જવાબ—હરામખોર દાગીના કાઢી ત્રિજોરીને પાછી જેવીને તેવીજ બંધ કરી, કુંચીઓ પણ હું રાખુ છુ તે સંચમાંજ રાખી નાસી ગએલ પરંતુ આજે મને દાગીનાની જરૂર પડવાથી ત્રિજોરી ખોલતાં મારા દાગીના ચોરાયાનુ મને જણાયુ.

સવાલ.—તમે કુંચીઓ કયાં રાખો છો? ત્રિજોરી કેમ ખોલી શકાય છે તે તમારા સિવાય બીજુ કોઇ જાણે છે કે?

જવાબ—હાજી! મારે બે બઇરી છે તેમા મારી જુની બઇરી જેનુ નામ અવલ છે તે જાણે છે ત્રિજોરી કેમ ખોલી શકાય છે તે રીત મેં તેને એકનેજ બતાવેલ છે બીજુ કોઇ જાણતુ નથી.

સવાલ—હાલમાં તમારે ત્યાં કોઇ મીજમાન આવેલા કે?

જવાબ—જી હા ! મારી જુની બૈરી અવલનો ભાઈ નરહર બે રોજથી મારે ત્યાં આવેલ તે આજે સવારેજ તેના ગામ સજ્જનપુર પાછો ગયો છે.

સવાલ—તમારા ઉપર કોઈનું કર્જ છે ! વારૂ ?

જવાબ—હા સાહેબ ! મારા ઉપર કર્જ હોવાથી કોર્ટમાં દાવા થયેલા અને તે દાવાના નાણા હફતેથી આપવા કોર્ટથી ઠરાવવામાં આવેલ તે પ્રમાણે આજે પહેલો હફતો મારે ભરવાનો હતો.

એ પ્રમાણે મોહનલાલ તરફથી જવાબો મળતાં મોહનલાલની જુની બૈરી અવલ કે જેને ત્રિજોરી શી રીતે ખોલી શકાય તેની માહીતી મોહનલાલે આપેલી છે એટલે વખતે અવલેજ દાગીના કહાડી પોતાના ભાઈ નરહર જે આજે પાછો તેના ગામ ગયેલ છે તેને કેમ આપી દીધા ન હોય એવો શક આવવાથી પોલીસ અમલદારે સજ્જનપુર ગામે નરહરને ત્યાં ઝડતી લઈ આવવા પોલીસ પાર્ટી મોકલી આપી અને આ ગુન્હામાં ખરો પ્રકાશ શું છે તે બાબત યુક્તી પ્રયુક્તીથી આગળ તપાસ ચલાવતાં એવી બાતમી મળી કે—

ગઈ રાત્રે વાણીઆ મહોલ્લામાંથી એક માણુસ આવતા તેને ટારનવાળાએ રોકી પુછ તપાસ કરી હતી અને તપાસમાં તે વાણીઓ જણાવાથી ટારનવાળાએ તેને જવા દીધેલો પણ તે ખરેખર વાણીઓ ન છતાં તે તો બહદકપુરનો બદમાસ બાબરીઓ હતો.

તે ઉપરથી વાણીયા મોહલ્લા નાકે રહેતા ટારનવાળા પોલીસ સીપાઈ લંગુરમીયાંને પોલીસ અમલદારે બોલાવી પુછયું કે.

સવાલ.—ગઈ રાત્રે તમારૂ ટારન કયાં હતુ મીયાં ?

જવાબ.—બનીયા નાકે પર !

સવાલ—ગઈ રાત્રે તમારા ટારનમાં વાણીઆ મોહલ્લામાંથી એક માણુસ આવતા, તમે તેને તમારી પાસે બોલાવી પુછ તપાસ કરેલી કે ?

જવાબ.—હાં ! જનાબ ?

સવાલ.—તે કોણ હતો વારૂ?

જવાબ.—વો તો વોહી મોહલ્લાકા બનીયા, બકાલ થા.

સવાલ.—તેણે કેવાં કપડાં પહેરેલાં હતાં? તે કેવી બોલી બોલતો હતો?

જવાબ.—વો બનીયાકે લેબાસમેં થા, ઔર બોલી બી બનીયા જેસીજ બોલતા થા, સાયદ? વો થા બી બનીયાજ.

સવાલ.—તે માણુસ માટે તમે બરોબર ખાત્રી કરી હતી કે?

જવાબ.—હાં, જનાબ! મેને મેરી પક્કી ખાત્રી કીયે બાદ ઉસકુ જાને દીયા થા, કભી મેરી ખાત્રી ન હોતી તો ઉસીજ વખત ઉસીકુ મેં કેદ કરકે આપ કે પાસ જરૂર લાતા હુઝુર!

સવાલ.—તે બદકપુરનો ભીલ બદમાશ બાબરીયો તો નહોતો કે?

જવાબ.—યા ખુદા! કભી વો બદકપુરકા ભીલ બાબર હોતા, તો મેં લંગુરમીયાં? ઉસીજ વક્ત સાલેકુ ગોળીસે માર પકડ કર આપ હુઝુરકે પાસ લાયે બીના છોડતે કયા?

સવાલ.—તમે બદકપુરના ભીલ બાબરને ઓળખો ખરા કે?

જવાબ.—(જરા વીચાર કરીને) નહી જનાબ વો સચ્ચ બાત! સાલે બાબર ભીલ્લકુ મેને કભી દેખા તો નહી હે!

સવાલ.—ત્યારે પછી તે બદમાશ બાબર નહોતો એમ તમે શા ઉપરથી કહો છો?

જવાબ—ખુદા માલુમ? મે ખાત્રીસે તો કાસ તરેહસે કે શકુ હુઝુર?

એ પ્રમાણે લંગુરમીયાં તરફથી જવાબ મળતાં જે માણુસ વાણીઓ બની લંગુરમીયાંને બનાવી છટકી ગયો તે પોતેજ બાબરીયો હોવાનો શક જતાં લંગુરમીયાંની મુર્ખાઈ પર હસી કહાડી જવા રજા આપી અને બદમાસ બાબરીયાની છાપરીની ઝડતી કરી આવવા પોલીસ પાર્ટી બદકપુર મોકલી.

સજ્જનપુર તથા બદકપુર ઝડતી લેવા ગએલા પોલીસ માણુસ કંઇ પણ મુદ્દેમાલ મળી નહી આવવાથી પાછા આવ્યા અને તપાસની હકીકત પોલીસ અમલદારને જણાવી.

ચોર માલનો પત્તો મેળવવા બહુ બહુ રીતે તપાસ ચલાવવા છતાં કંઈ પણ પત્તો ન મળવાથી તપાસ ચલાવનાર પોલીસ અમલદાર છેવટ એવા અનુમાન પર આવ્યો કે.

ગુન્હાની સ્થાનીક જગો જોતાં ગુન્હો થએલોજ જણાતો નથી. ત્રિજોરી કે મકાનના બારીબારણા ખોલવા માટે કશી પણ ભાંગફોડ કે બળજોરી થયેલી નથી. હરામખોરના પગલાં પણ કયાંય જોવામાં આવતા નથી અણજાણ્યા માણસથી ઉઘાડી શકાય તેવી ત્રિજોરી નથી, ફરીઆદીને બે બૈરાં છતાં પરસ્પર અણબનાવ છે. અને જુની બૈરી અવલ એકનેજ ત્રિજોરી શા રીતે ખોલી શકાય છે તેના ફરીયાદીએ માહીતી આપેલી છે. મકાન ગીચ્ચ વસ્તીમાં રાહ રસ્તા પર આવેલું છે. જે બંગલામાં ત્રિજોરી પડેલી છે તે બંગલાની બારીઓ રાહ રસ્તા ઉપર બહુ ઉંચાઇ પર આવેલ હોવાથી બારીવાટે પણ કોઇથી ચઢી બંગલામાં આવી શકાય તેમ નથી. ફરીયાદી ઘણો કરજદાર છતાં આજે કોર્ટમાં નાણા ભરવાનો હક્નો પણ હતો તેથી.

ફરીઆદીની ચોરી થએલ ન છતાં તેણે પોતે દાગીના વગે કરી પોલીસને ત્રાસ આપવા ખોટી ફરીઆદ કરેલી એવું પોલીસ અમલદારે છેવટ તપાસમાં ઠરાવી તપાસ બંધ કર્યો અને ફરીઆદીએ ખોટી ફરીઆદ કર્યા બદલ કામ ચલાવવાની મંજુરી માગી કેસ રજીષ્ટરેથી કહાડી નાખવા આગળ મોકલી આપ્યો.

આ ખબર મોહનલાલ સોનીને થતાં "ઉલટો ચોર કોટવાળને દંડે" એવી પોતાની સ્થિતી થયેલી સમજી હવે શું કરવું તેના માટે વીચારમાં પડયો.

મોહનલાલ પોતે હરસના વ્યાધીની બીમારી હોવાને લીધે નદી કાંઠે આવેલ ધર્મશાળામાં ઉતરેલા સાધુ શ્રદ્ધાનંદની તે હમેશ દવા લેતો હતો તેથી સાંજરે દવા લેવા આવતાં પોતાને ત્યાં મોટી રકમની ચોરી થઈ છતાં પોલીસે ફરીઆદ ખોટી ઠરાવી પોતા ઉપર ફોજદારી કેસ પોલીસ કરવાની છે એમ કહી મોહનલાલે પોતે કરેલ ફરીઆદ તથા પોલીસે ચલાવેલ તપાસની વીગતવાર હકીકત સાધુ શ્રદ્ધાનંદને કહેતાં.

તેણે ધ્યાનપુર્વક હકીકત સાંભળી લીધા બાદ મોહનલાલ સોનીને દીલાસો આપી તે કહેવા લાગ્યો કે;—

હું દવાદારૂ કરતો હોવાથી ઘણા બદમાસો સાથે મને સારી ઓળખ છે તેથી કરી, કોઇ પણ રીતે હું આ તમારી થએલ ચોરીનો પત્તો મેળવી તમારી ફરીઆદ ખરી ઠરાવી આપીશ, માટે જરાપણ ગભરાવાનુ કારણ નથી એમ કહી સાધુ શ્રધ્ધાનંદ મોહનલાલ સોની સાથે તેના ઘેર આવ્યો અને ગુન્હો થએલ જગા તથા ત્રિજોરી બહુ ધ્યાન પુર્વક તપાસી, પોતા રૂબરૂ મોહનલાલ પાસે ત્રિજોરી ખોલાવ્યા બાદ પોતે જાતે પણ ત્રિજોરીને બે ત્રણ વખત ઉઘાડ બંધ કરી જોઇ, મકાનમાં તમામ જગે ફરી તપાસ કર્યો તો બારી બારણા વીગેરેને કશી પણ ભાંગફોડ કે બળજોરી થયાના નિસાન જણાયા નહી તેથી હરામખોર મકાનમાં શી રીતે પ્રવેશ કરી આવેલ હશે અને ત્રિજોરી અજાણ્યુ માણસથી બીલકુલ ખોલી શકાય તેવી ન હોવાથી ત્રિજોરી ખોલી હરામખોર માલ કેવી રીતે લઇ ગએલો હશે તે બાબત ઘણોક વખત વીચાર કરવા બાદ મોહનલાલ સોનીને પુછયું કે

જે રોજ તમે તમારી જુની બૈરી અવલને ત્રિજોરી શી રીતે ખોલી શકાય છે તેની માહીતી આપી તે વખતે તમારા ઘરમાં બીજુ કોઈ માણસ જોઈ કે સાંભળી શકે તેમ નજીકમાં હતું કે કેમ?

તે પરથી મોહનલાલે કહ્યું કે તે રોજ મારા ઘરમાં તો હું તથા મારી જુની બૈરી સિવાય બીજુ કોઈ ઘર અંદર નહોતું પણ ત્રિજોરી છે તે બંગલા ઉપર બદકપુરનો ભીલ્લ ખાલપો નળીયા સંચારતો હતો એમ યાદ આવે છે.

તે ઉપરથી બદકપુરનો ભીલ્લ ખાલપો કેવી ચાલ ચલગતનો છે એ બાબત પ્રથમ ભીલ્લુપુર જઈ તપાસ કરવા સાધુ શ્રદ્ધાનંદને જરૂર જણાવાથી ભીલ્લુપુર જવા નીકળતો દરમીયાન પોતે ઉભેલ ફ્રીયાદી મોહનલાલના બંગલામાં ડામર-ફીલ (લાકડા વીગેરેને લગાડવાનો કાળો વાસ મારતો ચીકણો પદાર્થ) ની વાસ આવતી જણાઇ, ડામરની વાસ કયાંથી આવે છે તે માટે તપાસી જોતાં પોતાનાજ હાથે ડામરની વાસ લાગેલ હોવાથી તેવી વાસ પોતાના હાથમાં શી રીતે બેઠી તે બાબત વીચાર કરતાં પોતે ત્રિજોરી ખોલવા કુચીયોનો ઝુમખો પકડેલો તે ઝુમખો લઈ તપાસ્યો તો તે ઝુમખામાંથી ડામરની વાસ આવતી જણાઇ. તેથી ત્યાં આસપાસ તપાસતાં બંગલા પાછળની બારીમાં એક કાળો ડામર-ફીલ લાગેલ ડાગ પણ જોવામાં આવ્યો એટલે ઘરમાં ડામર છે કે કેમ? તે માટે મોહનલાલ સોનીને પુછ્યું તો.

ઘરમાં તો ડામર નથી પરંતુ સામે નવીન મકાન બંધાતું હોવાથી તેમાં રંગ રોગાન કરવા માટે તેમાંથી વખતે ત્યાં ડામર હોવા સંભવ

છે એમ મોહનલાલ સોનીએ કહેવાથી સાધુ શ્રદ્ધાનંદ મોહનલાલ સોની સાથે પેલા નવીન ચણાતા મકાનમાં આવ્યો અને જોયું તો,

માળ ઉપર ડામર ભરેલું વાસણ ઉંધું વળી જઇ ડામર નીચે પડેલ જણાયું, મકાન બાંધવાનું કામ ઘણા વખતથી બંધ હોવાને લીધે માળ ઉપર પડેલાં લાકડાં પાટીઆં વગેરે ઉપર પુષ્કળ ધુળ ચોંટી જામી ગયેલ જોવામા આવી પણ એક પાટીયું ધુળ લાગવા સીવાયનું જુદુ પડેલ જણાતાં તે પાટીઉં તપાસતાં પાટીયાની લંબાઈ પંદર ફીટ જણાઈ, તે ઉપરથી,

નવીન ચણાતા મકાનના માળની તથા મોહનલાલ સોનીના બંગલાની બારીની સમાંતર ઉંચાઈ છતાં વચ્ચે ફકત દસ ફીટનીજ પોહળાઇનો રાહ રસ્તો છે તેથી સાધુ શ્રદ્ધાનંદે એવું અનુમાન બાંધ્યું કે

હરામખોરે પ્રથમ આ નવીન ચણાતા મકાન ઉપર આવી તેણે જુદુ પડેલ પાટીયું મકાનના માળ ઉપરથી રસ્તા ઉપર થઇ ધકેલતાં, મોહનલાલ સોનીના બંગલાની બારી ઉપર ગોઠવેલ હોવું જોઇએ. અને તે પાટીઆ ઉપર થઈ હરામખોર બંગલામાં જઇ ચોરી કરી પાછો આવતાં પોતે ગોઠવેલ પાટીયું ખેંચી લઇ નાસી ગએલ છે અને માળ ઉપર ડામર ઢોળાએલ વાસણ તે હરામખોરે સીધ્ધું કરી મુકતા જતાં તેના હાથે ડામરની વાસ બેસવાથી જ્યારે તેણે ચાવીઓનો ઝુમખો પકડી ત્રીજોરી ઉઘાડેલ ત્યારે ડામરની વાસ ચાવીઓના ઝુમખાને લાગતાં ઢોળાએલો ડામર હરામખોરના પગે ચોંટવાથી આવ જાવમાં બંગલાની બારીમાં પણ ડામરનો ડાગ લાગેલ હોવો જોઇએ.

તેથી હરામખોર કોણ હશે તેનો પત્તો મેળવવા પુછ તપાસ કરતાં. ગુન્હાની રાત્રે વાણીઆ મોહલ્લામાંથી એક માણસ આવતાં પોલીસ ટારનવાળાને અળેલ અને તે પોતે વાણીયો હોવાનું કહી ચાલ્યો જતાં તેજ બદકપુરનો બદમાસ બાબરીયો હોવાનો પોલીસને શક જવાથી બાબરીઆના છાપરાની ઝડતી પોલીસે લેવા છતાં કરી પણ મુદ્દેમાલ મળી આવેલ નથી એવુ જાણવામાં આવતાં.

આ ગુન્હા બદલ બદકપુરના લોકનો હાથ હોવા બદલ સાધુ શ્રદ્ધાનંદને પુણું શક આવવાથી તુર્ત તે પોતાની દવાની પેટી સાથે બદકપુર આવી ભુતેશ્વર મહાદેવના મંદીરમાં ઉતર્યો અને બદકપુર ગામમાં દર્દીઓને દવા દારૂ આપવી શરૂ કરી

ગામ લોકને દવા દારૂ કરવા સાથે ગુપ્ત રીતે તપાસ ચાલુ રાખતાં બાલપો ભીલ તથા બદમાશ બાબરીઓ જીગરજાન દોસ્ત છે છતાં મશહુર બદમાશ છે એવી ખબર લાગી.

બાબરીયાની બૈરી રડકી ઘણા વખતથી સુવા રોગથી પીડાતી હતી ગામમા વૈદ આવ્યાની બાબરીયાને જાણ થતાં પોતાની બૈરીની દવા કરાવવાની છે માટે તબીયત જોવા આવવા બાબરીયાએ સાધુ શ્રદ્ધાનદ પાસે આવી કહેતાં તુર્ત સાધુ શ્રદ્ધાનંદ બાબરીયાની છાપરીએ ગયો તેની બૈરી રડકીની તબીયત જોઇ તેવામાં બાબરીયાના છાપરામાથી ડામરની વાસ આવતી જણાતાં આસપાસ જોયું તો બાબરીયાના જોડાને પણ ડામર લાગેલ જોવામાં આવ્યું તે ઉપરથી.

બાલપો જે બાબરીયાનો જીગરજાન દોસ્ત છે તેણેજ તિજોરી કેવી રીતે ખોલી શકાય છે તેની માહીતી બાબરીયાને આપવાથી, નવીન

ગચ્યુાતા મકાન ઉપરથી માટીનું ગાડામી બાબરીયો પોતે ચોરી કરવા જતાં, માળ ઉપર ઢોળાએલ ડામર જોડાને લાગેલું હોવું જોઇએ એવું અનુમાન કરતાં સો ટકા આ બાબરીયો ભીલજ મોહનલાલ સોનીની ચોરી કરી જનાર હોવા બદલ સાધુ શ્રદ્ધાનંદની ખાત્રી થઈ પરંતુ મુદ્દામાલનો પતો મેળવવાનો હોવાથી બહાદુરપુરમાંજ મુકામ રાખી લોકોને દવાદારૂ આપતા ગુપ્ત તપાસ જારી રાખ્યો.

એક વખત સાધુ શ્રદ્ધાનંદ પાસે આવી બેઠેલા લોકોમાં; ભૂગુપર શહેરમાં મોહનલાલ સોનીને ત્યાં મોટી રકમની ચોરી થવાની વાત નીકળતાં ત્યાં બાબરીયો પણ હાજર હોવાથી બાબરીયાને સંબોધીને સાધુ શ્રદ્ધાનંદે કહ્યું કે:—

તમો બહાદુર ગચ્યુાતી ભીલ જાત ભૂગુપુર શહેર આસપાસ વસવાટ કરી રહેલ છતાં બહારથી હરામખોર આવી ચોરી કરી જાય અને તમારી મદદ છતાં પોલીસ ગુન્હાનો પત્તો મેળવી શકે નહી એ ઓછી દીલગીરીની વાત ન ગણાય તેથી બાબરીયો બોલ્યો કે,

જે રોજ આ ચોરી થઈ તેના અગાઉથી આઠ રોજ પહેલાં હું તો અહીંથી વીસ માઈલ દુર નવાપુરા ગામે ગયેલો હતો તેથી ચોરીના અરસામાં મારી ગેરહાજરીના લીધે હવે મને પણ કશી હકીકત મળી શકતી નથી જો કે પોલીસ અમલદાર ધનસુખરામભાઇ સાથે મારે બહુજ ઘરવટ જેવું હોવાથી તેણે પણ મને આ ચોરીનો પત્તો મેળવી આપવા ખાસ ભલામણ કરી છે પરંતુ પત્તો ન મળવાથી હું શરમના લીધે ધનસુખરામભાઇ પાસે જઈ મોં પણ બતાવી શકતો નથી.

એ પ્રમાણે બાબરીયાનું કહેવું થતા, સાધુ શ્રદ્ધાનંદ શંકામાં પડયો કે—જો બાબરીયાની હાજરી ગુન્હાની રાત્રે દુર પલ્લા ઉપર હોય તો પછી આ ગુન્હામાં તેનું અંગ બીલકુલ હોઇ શકે નહી. માટે બાબ-રીયાના કહેવા પ્રમાણે તે ખરેખર નવાપુરા ગએલ હતો કે કેમ તેનો નવાપુરે જઈ તપાસ કરી આવવા બાદ આગળ તપાસ ચલાવવો વ્યાજબી જણાતાં; પોતાને બહારગામ દર્દીઓને દવા આપવા જવાનું છે અઠવાડીયું થશે એવું બદકપુરના લોકોને સમજાવી સાધુ શ્રધ્ધાનંદ બદકપુરથી નવાપુરે આવવા નીકળ્યો.

નવાપુરે આવી તપાસ કર્યો તો બદમાશ બાબરીયાની હાજરી મોહનલાલ સોનીની ચોરી થઈ તે રોજ નવાપુરે પોલીસ થાણામાં હોવાનું જણાયું. પણ હાજરી પત્રકમાં ચહેરા નિશાન વાંચતા "ડાબી આંખે કાણો" એવ લખેલ હતુ તે ઉપરથી,

નવાપુરા થાણામાં બાબરીયા ગેમા નામ બતાવી જે માણસે એ હાજરી આપેલ છે તે બાબરીયો પોતે હોવો ન જોઇએ. કેમકે બાબરીઓ એક પણ આંખે કાણો નથી એટલે ગુન્હામાં સપડાતી વખતે પોતાની હાજરી બહારગામ હતી એવો "એલીબી" પુરાવો બચાવમાં બતાવવા ખાતર બાબરીયાએ પોતાનું નામ દઈ હાજરી આપવા બીજા કોઇ માણસને નવાપુરે મોકલી અપાવેલી છે. માટે તે માણસ કોણ તેનો તપાસ સાધુ શ્રદ્ધાનંદે નવાપુરેથી આવી બદકપુર ગામમાં કર્યો તે.

એક છીતલા નામનો ભીલ સભી આંખે કાણો છતાં બદમાશ બાબરીયાનો ખાલપા જેવોજ જીવજાન દોસ્ત હોવાનું જાણવામાં આવ્યું તે ઉપરથી સાધુ શ્રધ્ધાનંદ તુર્ત ભૃગુપુર આવી પોલીસ ઉપરીને મળ્યો અને પોતાના તપાસમાં જણાએલ સવીસ્તર હકીકતનું બ્યાન કરતાં બાબરીયાને અટક કરવા સીવાય મુદ્દેમાલ મળવા જેવું નથી એવું કહેવાથી પોલીસ ઉપરીએ બાબરીયાને કેદ કરી મંગાવી જેલમાં મોકલી આપ્યો.

બાબરીયો જેલમાં આવવા બાદ સાધુ શ્રદ્ધાનંદ દવાની પેટી લઈ બાબરીયાની છાપરીએ આવ્યો અને બાબરીયાની બૈરી રડકીને તબીયતના ખબર પુછ્યા ને રડકીએ પોતાની તબીયત બીલકુલ સુધરી જવાનું કહી પોતાના ધણીને પોલીસ પકડી ગઈ છે માટે તેને કોઈપણ રીતે છુટકારો કરાવી આપો એમ કહેતાં, રડતી રડતી સાધુ શ્રદ્ધાનંદના પગે વળગી પડી, તેથી સાધુ શ્રદ્ધાનંદે તેને ઘણીક રીતે આશ્વાસન આપી કહ્યું કે—

પોલીસના ઉપરીની બૈરીને તારા જેવોજ રોગ હતો તે રોગ મારી દવા કરવાથી બીલકુલ સારો થઈ જવાથી પોલીશ ઉપરી મારા સાથે બહુ સારો સબંધ રાખે છે તેથી તું બહુ કહે છે માટે તેને જઈ મળી બાબરીયાના છુટકારાની જો કે હું બનતી તજવીજ કરીશ, પણ તે પોલીસ ઉપરી બહુ લાલચુ હોવાથી વખતે કંઈ લાલચમાં પડે તો શું કરવું એટલી જરા મને શંકા રહે છે.

એવું સાંભળતાંજ રડકીએ કોઠી બતાવી કહ્યું કે આ કોઠી નીચે જોઈએ તેટલું ધન દાટેલું છે માટે ગમે તેટલી રકમ આપવી પડે તેની

જરા પણ ચીંતા ન કરતા કોઈ પણ રીતે મારો છુટી છુટી આવે, તેમ કરો, તે ઉપરથી.

સાધુ શ્રદ્ધાનંદે રડકીને દીલાસો આપી તજવીજ કરવા જાઉ છું એમ કહી બાબરીયાની છાપરીએથી નીકળી ભૃગુપુર પોલીશ ઉપરીને આવીં મળ્યો અને કોઠી નીચે માલ દાટેલ છે માટે તુર્ત તપાસ કરવા જવાનું કહેતાં પોલીસ ઉપરી કેટલાક માણસો સાથે બાબરીયાની છાપરીએ આવ્યો અને છાપરીની ઝડતી લીધી તે કોઠી નીચેથી મોહનલાલ સોનીની ચોરીનો તમામ માલ મળી આવ્યો તે માલ લઈ પોલીશ ઉપરી ભૃગુપુર આવી બાબરીયાને બતાવી મોહનલાલની ચોરી કરવા માટે પુછ ગાછ કરતાં:

બાબરીયાએ પોતે પ્રથમથી નવાપુરા થાણામાં પોતાની ખોટી હાજરી બતાવી "એલીબા" પુરાવો ગોઠવવા બાદ ઘણીજ યુક્તિથી ગુન્હો કરી માલ વગે કરેલ છતાં મુદ્દેમાલ સાથે પકડાઇ જવાથી, આ યુક્તિ ભરી શોધ ખોળ કરી પત્તો મેળવી આપનાર બાતમીદારના બાબરીયાએ ઘણાંજ વખાણ કરી આ ગુન્હો પોતેજ કરેલો છે એવું કબુલ કરેલ છે એવું કબુલ કરવાથી તેને શીક્ષાએ પહોંચાડવા પોલીસ તરફથી રીતથી તજવીજ કરવામાં આવી અને,

આવા મહત્વના ગુન્હાનો પત્તો મેળવી આપનાર સાધુ શ્રદ્ધાનંદને સરકારમાંથી સારૂ ઇનામ મળવા માટે પોલીસ ઉપરીએ ખાતામાં આગળ લખતાં ઉપરી ઓફીસમાંથી લખી આવ્યું કે:—

" સ્થાનીક પોલીસે જે ગુન્હો જુઠો ઠરાવી ખોટી ફરીયાદ કર્યો બદલ ફરીયાદી ઉપર ફોજદારીમા કામ ચલાવવા મંજુરી માંગેલ તેજ ગુન્હો શ્રદ્ધાનંદ જેવા ફરતા સાધુએ સોધી કહાડી આરોપી તથા મુદ્દેમાલ હસ્તગ કરવામાં જે ચાલાકી બતાવી છે તે ખરેખર સ્થાનીક પોલીસને લજ્જાસ્પદ છે "

" શ્રદ્ધાનંદ પોતે ખરેખર સાધુ દવા કરનાર ફરતો માણુસ છે કે બીજી કોઇ વ્યકતી છે તેથી પણ સ્થાનીક પોલીસ અણુજાણ હોવાથી દીલગીરી સાથ જણાવવું ભાગ પડે છે કે– શ્રદ્ધાનંદ પોતે ખરેખર સાધુ કે વૈદ નથી પરંતુ તે છુપી પોલીસનો બાહોશ અમલદાર બાબુ બીપીનચંદ્ર પોતેજ છે."

" તેણે કરી બતાવેલ પ્રશંસનીય નોકરીની કદર થવા સી. આઇ. ડી. ખાતાં તરફ લખવામાં આવેલ છે."

જાહેર ખબર.

અમારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલાં પુસ્તકો.

૧	પ્રબોધ માળા	૦-૩-૦
૨	ગાંઠીઆ તાવનો ગજબ	૦-૦-૬
૩	બેટ ગોમતીના ભોમીઆ... ...	૦-૮-૦
૪	બેટ દ્વારકાનો ભોમીઓ	૦-૮-૦
૫	પોલીશ એકિકરણ	૧-૦-૦
૬	ગામ કામદારના કર્તવ્ય	૧-૦-૦
૭	પોલીસ કર્તવ્ય	૧-૦-૦
૮	પોલીસ દર્પણ	૨-૦-૦
૯	છુપી પોલીસ (મણકા દરેક) ...	૦-૨-૦
૧૦	ભેદીખુન (યાને) પોલીસ પ્રપંચજાળ (સચીત્ર)	૦-૧૨-૦

મુ. પલસાણા. (પ્રાંત નવસારી.)

કર્તા
નારદલાલ જેશંકર પંડ્યા
(માજી પોલીશ ઇન્સ્પેક્ટર)

છપાવી પ્રસિદ્ધ કરનાર -
ગુલાબભાઈ હરિભાઈ ગાંજાવાળા સ્ટેશન રોડ-સુરત.
સુરત બુરહાનપુરી ભાગળ ઉપર આવેલા શ્રી "અનાવિલ બંધુ"
પ્રી. પ્રેસમાં ગોવિંદજી ડાહ્યાભાઈ નાયકે છાપ્યું.